નં. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/ૡ
વિતરણ/પોલીસી/૨૫
જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૨/૧૨/૨૦૨૫

# // સ્પષ્ટતા પરિપત્ર //

વિષયઃ- નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને ફાળવેલ જમીનમાં પ્રોડકટ ચેન્જ/Addition બાબત.

સંદર્ભઃ- ૧. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પીઓએલ/૨૪(3)૪૮૯/૩૧/૯૪ તા.૨૦/૧૦/૧૯૯૪

૨. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/(L09003633011), તા.30/0૧/૨૦૨૧.

3. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૮, તા.03/0૬/૨૦૨૧.

નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને ફાળવેલ જમીનમાં પ્રોડકટ ચેન્જ/Addition બાબતે નિગમ દ્વારા તા.03/0૬/૨૦૨૧ના પરિપત્રથી જ્યાં ઝોનિંગ ચેન્જ થતું હોય તેવા કિસ્સાઓમાં બિનરાસાયણિક ઝોનમાં રાસાયણિક પ્રકારની/પર્યાવરણને અસર કરતાં ઉદ્યોગોને મંજુરી આપી શકાશે નહીં તે અંગેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

નિગમના ફાળવણીદારો દ્વારા નિગમની વિવિધ સેવાઓ મેળવવા માટે કરવામાં આવતી અરજીઓમાં તા.03/0૬/૨૦૨૧ના પરિપત્ર મુજબ બિનરાસાયણિક ઝોનમાં રાસાયણિક પ્રકારના ઉદ્યોગના કારણે જે-તે અરજી રદ્દ કરવામાં આવતી હોવાના અમુક કિસ્સાઓ ધ્યાને આવેલ છે. આથી સદર પરિપત્ર અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

"તા.03/0૬/૨૦૨૧ના પરિપત્ર જારી થયા અગાઉ નિગમ દ્વારા જે-તે પ્રોડ્ક્ટ માટે ફાળવણી/તબદીલી કરવામાં આવેલ હોય જે પ્રોડ્ક્ટમાં કોઇ ફેરફાર/વધારો થતો ન હોય તેવા કિસ્સાઓમાં નિગમને મળેલ ૨(આર/એસ) પરમીશન, લીઝડીડ, નેમ ચેંજ, ઔપચારિક તબદીલીની અરજી અન્વયે નિગમના નીતિ નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે."

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના:

મેનેજર(એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર...તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

રવાના કર્યું

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર